## બિઝનેસ Utility

**બજારને લગતી રોજબરોજના ભાવની વધઘટ નીચે મુજબ છે.**

### બુલિયન માર્કેટ

| કીમતી ધાતુ અમદાવાદ | | કીમતી ધાતુ (ડોલરમાં) | |
|---|---|---|---|
| ચાંદી ચોરસા | 101500-106500 | સોનું | 3368.64 |
| ચાંદી રૂપુ | 101300-106300 | ચાંદી | 36.04 |
| સોનું (99.9) | 98900-101900 | કોમેક્સ સોનુ | 3384.60 |
| સોનું (99.5) | 98600-101600 | કોમેક્સ ચાંદી | 36.27 |
| હોલમાર્ક | 99860 | પ્લેટિનમ | 1272.51 |
| જૂના સિક્કા | 1000-1200 | પેલેડિયમ | 1043.40 |

(આં.રા. ભાવ 8 વાગ્યા સુધીના)

### માર્કેટ મોનિટર

| કંપની | બંધ | | તફાવત |
|---|---|---|---|
| બીએસઈ સેન્સેક્સ | 82,408.17 | ▲ | 1.29% |
| CNX નિફ્ટી | 25,112.40 | ▲ | 1.29% |
| સીએનએક્સ 500 | 23,041.10 | ▲ | 1.22% |
| બીએસઈ -100 | 26,244.81 | ▲ | 1.29% |
| બીએસઈ -200 | 11,351.15 | ▲ | 1.27% |
| બીએસઈ -500 | 36,157.56 | ▲ | 1.19% |

### ન્યૂઝ ઈન બોક્સ

**કોટક સિક્યુરિટીઝે કોટક સ્ટોકશાલા નામનું ટેક્સ્ટ આધારિત લર્નિંગ પ્લેટફોર્મ રજૂ કર્યું**

મુંબઈ | કોટક સિક્યુરિટીઝે દેશના રોકાણકારો અને ટ્રેડરોને મૂડી બજારનું શિક્ષણ પૂરું પાડવા માટે કોટક સ્ટોકશાલા નામનું ફ્રી મલ્ટિલિન્ગ્વલ લર્નિંગ પ્લેટફોર્મ રજૂ કર્યું છે. આ પ્લેટફોર્મને કોટક નીયો એપ મારફતે પણ એક્સેસ કરી શકાય છે. વીડિયો પર આધારિત અભ્યાસક્રમો: ત્રણ સુવ્યવસ્થિત અભ્યાસક્રમોમાં ટૂંકા અને સરળતાથી સમજી શકાય તેવા પ્રકરણોને સામેલ કરવામાં આવ્યાં છે. અને ટેક્સ્ટ આધારિત અભ્યાસક્રમો: પાંચ વ્યાપક અભ્યાસક્રમોને ખૂબ જ સરળતાથી સમજી શકાય તેવા 200 પ્રકરણોમાં વિભાજિત કરાયા છે.

**પેમેન્ટ્સમાં ક્રાંતિ માટે એક્સિસ બેંકે બોટ વેરેબલ બ્રાન્ડ અને માસ્ટરકાર્ડ સાથે ભાગીદારી**

નવીદિલ્હી | એક્સિસ બેંકે વેરેબલ બ્રાન્ડ બોટ અને પેમેન્ટ્સમાં ગ્લોબલ ટેક્નોલોજી લીડર માસ્ટરકાર્ડ સાથે સહયોગ કર્યો છે જેથી તેની નવી રજૂ કરેલી અત્યાધુનિક સ્માર્ટવોચ 'વેવ ફોર્ચ્યુન' માટે ટેપ એન્ડ પે એનએફસી સંચાલિત પેમેન્ટ્સને સરળ બનાવી શકાય. બેંક કાર્ડધારકો બોટની ઓફિશિયલ પેમેન્ટ એપ ક્રેસ્ટ પે દ્વારા તેમના ડેબિટ તથા ક્રેડિટ કાર્ડ્સને સુરક્ષિત રીતે ટોકનાઈઝ અને સ્ટોર કરી શકે છે અને આસાનીથી કોન્ટેક્ટલેસ પેમેન્ટ્સ કરી શકે છે.

**એમેઝોન ઈન્ડિયા કારીગરોને દર્શાવતા કારીગર મેળાના પુનરાગમન- MSME ડેની રજૂઆત**

બેંગાલુરુ | માઈક્રો અને સ્મોલ બિઝનેસીસને સક્ષમ કરવાના તેના વર્તમાન પ્રયાસોના ભાગરૂપે એમેઝોન ઈન્ડિયાએ એમએસએમઈ ડે 2025 પૂર્વે 21 અને 22 જૂને તેના કારીગર મેલા સ્ટોરફ્રન્ટની ચોથી એડિશનનું આયોજન કરશે. 2021માં તેના લોન્ચિંગથી અત્યાર સુધી કારીગર મેલા પોતાની હાથબનાવટની પ્રોડક્ટ્સ દર્શાવવા માટે ભારતના કારીગરો માટે ઓનલાઈન સ્ટોરફ્રન્ટ બની રહ્યો છે જેણે પરંપરાગત કારીગરીને જાળવી રાખવા અને ઈ-કોમર્સ દ્વારા કરી છે.

**હોસ્પિટાલિટી સેગમેન્ટમાં હાટગઢ રેડિસન રિસોર્ટની વર્ષગાંઠે સમાજ માટે નવી પહેલ**

અમદાવાદ | હોસ્પિટાલિટી સેગમેન્ટમાં સાપુતારા નજીક હાટગઢ ખાતે આવેલા રેડિસન રિસોર્ટે તેના પ્રથમ વાર્ષિકોત્સવે સમાજ માટે નવી પહેલ કરી છે. સ્થાનિક યુવાઓ માટે હાઉસકીપિંગ અને મેન્ટેન્સમાં ટ્રેનિંગ, નોકરી, વિદ્યાર્થી શિષ્યવૃત્તિ અને હસ્તકલા માટે સ્ટોલ જેવી CSR પ્રવૃત્તિઓ શરૂ થશે. જનરલ મેનેજર પૂનમ નાયરે જણાવ્યું કે રિસોર્ટ પ્રવાસન સાથે સ્થાનિક સમાજના વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

**બજાજ આલિયાન્ઝ લાઈફ મહિલાઓ ટર્મ ઈન્શ્યોરન્સને ટોપ ફાય. પ્રોડક્ટ દર્શાવી**

પુણે | બજાજ અલિયાન્સ લાઈફ ઈન્શ્યોરન્સે Pixis Global અને Quals.AI સાથે મળીને કરવામાં આવેલા સરવેમાં ગુણાત્મક અને પરિમાણાત્મક બંને પદ્ધતિનો ઉપયોગ કરીને મેટ્રો, ટિયર 1 અને ટિયર 2 શહેરને આવરી લેવામાં આવ્યા. બાળકનું ભવિષ્ય સુરક્ષિત કરવા માટે ટર્મ ઈન્શ્યોરન્સ પસંદગીની ફાય. પ્રોડક્ટ તરીકે સામે આવ્યું. 53% મહિલાઓએ અનપેક્ષિત પરિવારની બચતને અસર કરી શકે તે અંગે ચિંતા વ્યક્ત કરી.

**જેએસડબ્લ્યુ એમજી મોટર ભારતમાં વન-ટાઇમ લિમિટેડ-પીરિયડની રજૂઆત કરી**

મુંબઈ | ઓટો સેક્ટરની જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ભારતમાં છ વર્ષની ઉજવણી રૂપે ઉદ્યોગમાં અનેક નવીનતાઓ રજૂ કરી છે. ક્લીન મોબિલિટી ઉકેલો પર ચોક્કસ ધ્યાન કેન્દ્રિત કરીને, ભારતમાં તેની બીજી ઓફર તરીકે ઝેડએસ ઈવી રજૂ કરી, આ એક સાહસિક પગલું છે જે કારને વધુ ખાસ બનાવે છે. આ નિર્ણયથી ભારતના સતત વિકસતા ઈવી સેગમેન્ટની વાસ્તવિક સંભાવનાઓ ઉજાગર થવા પામતા ક્રાંતિકારી સાબિત થયો. જે કાર ખરીદદારો માટે દર્શાવે છે.

**ઇસ્ટમેન સૌર ઉત્પાદન શ્રેણી સાથે ગુજરાતમાં સ્વચ્છ ઊર્જા ફૂટપ્રિન્ટનું વિસ્તરણ કર્યું**

અમદાવાદ | સૌર ઉર્જા ઉત્પાદનોના ઉત્પાદક ઈસ્ટમેન ઓટો & પાવર લિમિટેડ ઉચ્ચ પ્રદર્શનવાળા સૌર ઉત્પાદનોની શક્તિશાળી શ્રેણી સાથે ગુજરાતમાં તેના ફૂટપ્રિન્ટનો વિસ્તારી છે. ટકાઉ ઊર્જાની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને, ઈસ્ટમેન હવે ઈન્વર્ટરની વ્યાપક શ્રેણી રજૂ કરે છે જેમાં ગ્રીડ ટાઈ ઈન્વર્ટર, હાઈબ્રિડ ઈન્વર્ટર, ઓફ ગ્રીડ ઈન્વર્ટર, લીડ એસિડ અને લિથિયમ બેટરી અને સોલાર પેનલનો સમાવેશ થાય છે - આ બધા રહેણાંક, જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રચાયેલ છે.

---

ઇઝરાયલ-ઇરાન વચ્ચે તણાવ ઘટવાનો સંકેત, ક્રૂડમાં તેજી અટકતા પોઝિટિવ ટ્રેન્ડ

# FIIનો સપોર્ટ, ટેલિકોમ, રિઅાલ્ટી, ફાઈ.શેર્સમાં આક્રમક ખરીદીથી નિફ્ટી 25100 પોઈન્ટ ક્રોસ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ઈઝરાયલ-ઈરાન વચ્ચે તણાવ ઘટવાનો સંકેત ઉપરાંત ક્રૂડઓઈલમાં તેજી અટકતા ભારતીય શેરમાર્કેટમાં પોઝિટીવ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. ટેલિકોમ, રિઅાલ્ટી, બેન્કિંગ-ફાઈનાન્સ તથા ટેક્નોલોજી શેર્સમાં રોકાણકારોની આક્રમક ખરીદીના સપોર્ટથી સેન્સેક્સ આક્રમક 1046.30 પોઈન્ટ વધીને 82408.17 બંધ રહ્યો હતો જ્યારે ઈન્ટ્રા-ડેમાં 1132.62 પોઈન્ટ વધી 82500 નજીક 82494.49 પહોંચ્યો હતો. નિફ્ટી 319.15 પોઈન્ટ વધીને 25000ની સપાટી કુદાવી 25112.40 બંધ રહ્યો હતો. રોકાણકારોની મૂડી સરેરાશ પાંચ લાખ કરોડ વધી 447.70 લાખ કરોડ પહોંચી છે. વિદેશી રોકાણકારોનો મજબૂત સપોર્ટ મળી રહેવા સાથે વૈશ્વિક માર્કેટમાં પણ પોઝિટિવ ટ્રેન્ડથી ઝડપી મજબૂતી રહી છે. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો 14 પૈસા મજબૂત બની 86.59 બંધ રહ્યો હતો. વિદેશી રોકાણકારોની 7941 કરોડની આક્રમક ખરીદી રહી છે.

સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ 1289.57 પોઈન્ટ અને નિફ્ટી 393.80 પોઈન્ટ વધ્યા છે. વૈશ્વિક બજાર સાથે સ્થાનિકમાં પોઝિટીવ ટ્રેન્ડના કારણે નિફ્ટી વીઆઈએક્સ ઈન્ડેક્સ સરેરાશ 10 ટકા ઘટી 19.51 પહોંચ્યો હતો. સ્થાનિક માર્કેટમાં વ્યાજદરમાં ઘટાડાનો ફાયદો, ફુગાવાના દબાણમાં ઘટાડો અને ગ્રાહક ખર્ચમાં સુધારાને કારણે Q1FY26ના સારા પરિણામોની અપેક્ષાના કારણે ટ્રેન્ડ સુધર્યો હોવાનું જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. સેન્સેક્સ પેકમાં ભારતી એરટેલ, નેસ્લે, મહિન્દ્રા અને મહિન્દ્રા, પાવર ગ્રીડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, NTPC, ઈટરનલ અને HDFC બેંક સૌથી વધુ વધ્યા હતા. મિડકેપ ઈન્ડેક્સ 1.20 ટકા અને સ્મોલકેપ 0.55 ટકા વધ્યા હતા. સેક્ટોરલ ઈન્ડેક્સમાં ટેલિકોમમાં 2.73 ટકા, રિયાલ્ટી 2.22 ટકા, ટેક 1.42 ટકા, કેપિટલ ગુડ્સ 1.17 ટકા, બેંકેક્સ 1.15 ટકા, કન્ઝયુમર ડિસ્ક્રિશનરી 1.12 ટકા અને મેટલ 1.10 ટકા વધ્યા છે. વૈશ્વિક બજારોમાં મિશ્ર ટ્રેન્ડ જોવા મળ્યો છે. ડોલર ઈન્ડેક્સની સ્થિતી કેવી રહે છે તેના પર પણ આધાર રહેલો છે.

**માર્કેટબ્રેડ્થ પોઝિટિવ, FIIની 7941 કરોડની ખરીદી**

માર્કેટબ્રેડ્થ પોઝિટિવ રહેવા સાથે સેન્ટીમેન્ટ હજુ સાવચેતી તરફીનું રહ્યું છે. બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ 4094 પૈકી 2463 સ્ક્રીપ્સમાં સુધારો અને 1484 સ્ક્રીપ્સમાં ઘટાડો નોંધાયો હતો. જે દર્શાવે છે કે, માર્કેટબ્રેડ્થ પોઝિટીવ રહેવા સાથે માર્કેટ સેન્ટિમેન્ટ સલામતી તરફીનું રહ્યું છે. સેન્સેક્સ પેકમાં 29 સ્ક્રિપ્સ વધી હતી. 83 સ્ક્રીપ્સમાં વર્ષની ટોચ સામે 84 સ્ક્રીપ્સમાં વર્ષની બોટમ જોવા મળી હતી. જ્યારે 9 સક્રીપ્સમાં અપર સર્કિટ તથા 12 સ્કીપ્સમાં લોઅર સર્કિટ લાગી હતી. વિદેશી રોકાણકારોની 7940.70 કરોડની ખરીદી સામે સ્થાનિક રોકાણકારો દ્વારા 3049.88 કરોડનું પ્રોફિટબુક નોંધાયું હતું.

**સ્ટોક સ્પેસિફિક એપ્રોચ**

| કંપની | બંધ | તફાવત |
|---|---|---|
| ભા.એરટેલ | 1936.95 | 3.27% |
| એમએન્ડએમ | 3182.30 | 2.93% |
| પાવરગ્રીડ | 293.10 | 2.38% |
| રિલાયન્સ | 1464.65 | 2.16% |
| નેસ્લે ઈન્ડિયા | 2364.65 | 1.97% |

---

# ચીનની US ખાતે નિકાસ ઘટી, ખોટ ભરપાઈ માટે ભારત પર ફોકસ વધ્યું

ભાસ્કર ન્યૂઝ | નવી દિલ્હી

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલું ટેરિફ વૉર હવે વૈશ્વિક વેપારના નકશાને બદલી રહ્યું છે. મે 2025ના ડેટા અનુસાર બંને દેશોના વેપારમાં મોટા પાયે ઘટાડો થયો છે અને ચીને આ ખોટને ઘટાડવાના હેતુસર હવે નિકાસ માટે ભારત, આસિયાન અને યુરોપિયન દેશો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચીનના કસ્ટમ વિભાગ અને ભારતના વાણિજ્ય મંત્રાલયના ડેટાથી જાણવા મળે છે કે ગત મહિને મે દરમિયાન ચીનની નિકાસ વાર્ષિક સ્તરે 4.6% વધીને $316.2 અબજને આંબી છે. રસપ્રદ વાત એ છે કે ચીનથી અમેરિકાને થનારી નિકાસ આ દરમિયાન વાર્ષિક સ્તરે 34.5% ઘટીને $28.8 અબજ રહી છે.

ગત વર્ષે મેમાં આ નિકાસ $44 અબજ હતી. ચીને અમેરિકાને કરાતી નિકાસમાંથી થયેલી ખોટની ભરપાઈ અન્ય પ્રમુખ માર્કેટથી કરી છે. આ દરમિયાન, ચીનની યુરોપિયન યુનિયનમાં નિકાસ 12% વધીને $49.5 અબજ થઈ છે. આશિયાન દેશોને 15% વધીને $58.4 અબજ અને ભારતને 12.4% વધીને $11.13 અબજ પર પહોંચી છે. સ્માર્ટફોન નિકાસમાં ઝડપી વૃદ્ધિને કારણે ભારતની અમેરિકા ખાતેની નિકાસ 17.3% વધીને $8.8 અબજ થઈ છે.

**ભારતની ચીનથી આયાત 22% વધી $12 અબજે પહોંચી**

મે મહિના દરમિયાન દેશની કુલ આયાતમાં વાર્ષિક દૃષ્ટિએ 1.8%ના ઘટાડા સાથે તે $60.6 અબજ રહી હતી. આ ઘટાડો મુખ્યત્વે ઓછી ક્રૂડ ને સોનાની આયાતને કારણે થઈ. પેટ્રોલિયમ, સોનું તેમજ ડાયમંડને છોડીને વાસ્તવમાં ભારતની આયાત 12% વધીને $41.2 અબજ પર પહોંચી છે. ઈલેક્ટ્રોનિક્સ આયાત 27.5% વધી $9.1 અબજ થઈ છે.

**ચીનની ડિજિટલ યુઆનને પ્રોત્સાહન આપવાની કવાયત**

ચીન વૈશ્વિક સ્તરે કરન્સી સિસ્ટમમાં ડૉલરના પ્રભુત્વને ઘટાડવા માટે પોતાના ડિજિટલ યુઆનને પ્રોત્સાહન આપી રહ્યું છે. પીપલ્સ બેન્ક ઑફ ચાઈનાના ગવર્નર પેન ગોંગશેંગે કહ્યું કે એક જ કરન્સી પર વધુ નિર્ભરતાથી વૈશ્વિક સ્તરે નાણાકીય જોખમ વધે છે. ચીન સરહદ પાર પેમેન્ટ સિસ્ટમને આધુનિક બનાવવા અને યુઆન આધારિત લેવડદેવડ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ કરી રહ્યું છે.

# દેશના આઠ મુખ્ય સેક્ટર્સનો ગ્રોથ ઘટીને નવ માસના તળિયે

નવી દિલ્હી | દેશના આઠ મુખ્ય સેક્ટર્સનો ગ્રોથ મે 2025માં 0.7% સાથે નવ મહિનાના તળિયે રહ્યો છે. જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન 6.9% હતો. અગાઉ ઓગસ્ટ 2024માં આ ગ્રોથ સર્વાધિક નીચલા સ્તરે -1.5% રહ્યો હતો. આ વર્ષે, એપ્રિલમાં આ મુખ્ય આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર્સમાં ગ્રોથ 1% રહ્યો હતો. ક્રૂડ ઓઈલ, નેચરલ ગેસ, ફર્ટિલાઈઝર અને ઈલેક્ટ્રિસિટીનું ઉત્પાદન મે દરમિયાન નેગેટિવ ઝોનમાં રહ્યું હતું. જો કે રિફાઈનરી પ્રોડક્ટ્સ અને સિમેન્ટના ઉત્પાદનમાં પોઝિટિવ ગ્રોથ જોવા મળ્યો હતો. ચાલુ નાણાવર્ષ દરમિયાન એપ્રિલ-મેમાં આઠ સેક્ટર્સનો ગ્રોથ 0.8% વધ્યો હતો, જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન 6.9% નોંધાયો હતો. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ઈન્ડેક્સમાં કોલ, ક્રૂડ ઑઈલ, નેચરલ ગેસ, રિફાઈનરી પ્રોડક્ટ્સ, ફર્ટિલાઈઝર્સ, સ્ટીલ, સીમેન્ટ અને ઈલેક્ટ્રિસિટી જેવી મુખ્ય ઈન્ડસ્ટ્રીનો હિસ્સો 40.27% છે.

---



## ભાસ્કર IPO વોચ

વનેશ પંચાલ

સૌથી જૂની ઈન્ડસ્ટ્રીયલ ગેસ ઉત્પાદક કંપની

# એલેનબેરી ઈન્ડ. ગેસિસ IPO દ્વારા 452.53 કરોડ એકત્ર કરશે

| આઇપીઓ સાઇઝ |
|---|
| 452.53 કરોડ |
| ઇશ્યૂ : 24થી 26 જૂન |
| એલોટમેન્ટ : 27 જૂન |
| લિસ્ટિંગ : 1 જૂલાઈ |
| લોટ સાઇઝ : 37 શેર્સ |
| પ્રાઇસ બેન્ડ : 380-400 |
| કુલ રોકાણ : 14,800 |

**કંપનીનો નાણાકીય દેખાવ**




એલેનબેરી ઈન્ડસ્ટ્રીયલ લિમિટેડ રૂ. 452.53 કરોડના આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. કંપનીનો આઈપીઓ 24 જૂનના રોજ ખૂલશે અને 26 જૂનના રોજ બંધ થશે. કંપની રૂ. 380-400ના પ્રાઈસ બેન્ડમાં શેર ઓફર કરશે. રિટેલ માટે લઘુત્તમ લોટ સાઈઝ 37 શેર્સની રહેશે.

**પ્રશ્ન-કંપની શું બિઝનેસ અને કામગીરી કરે છે?**

એલેનબેરી ઈન્ડસ્ટ્રીઅલ ગેસિસ લિમિટેડ(EIGL) 50-વર્ષોથી વધુનો વારસો ધરાવતી દેશની સૌથી જૂની ઈન્ડસ્ટ્રીઅલ ગેસ કંપનીઓમાંની એક છે. 31-માર્ચ, 2025ના રોજ કંપની 1250 TPD ક્ષમતા સાથે બહુવિધ ઓક્સિજન પ્લાન્ટ્સ ચલાવતી હતી. કંપની ઓક્સિજન, નાઈટ્રોજન, એર્ગોન, હિલિયમ, હાઈડ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ, મેડિકલ ઓક્સિજન, LPG, વેલ્ડિંગ મિક્ચર્સ અને સ્પેશ્યાલિટી ગેસિસ સહિતના ગેસોનું ઉત્પાદન અને સપ્લાય કરે છે.

**પ્રશ્ન-કઈ-કઈ સર્વિસ પૂરી પાડે છે? ગ્રાહકો કોણ છે?**

ઈન્ડસ્ટ્રીઅલ અને મેડિકલ ગેસિસના ઉત્પાદન ઉપરાંત એલેનબેરી ઈન્ડસ્ટ્રીઅલ ગેસિસ વેલ્યૂ-એડેડ સર્વિસિઝ પણ પૂરી પાડે છે. જે તેને સંપૂર્ણપણે ગેસ સોલ્યુશન્સ પ્રોવાઈડર તરીકે સ્થાપિત કરે છે. પ્રાઈવેટ સેક્ટર્સમાં વિવિધ ગ્રાહકોને સેવા પૂરી પાડે છે. જેમાં સ્ટીલ, ફાર્મા, હેલ્થકેર, એન્જીનીયરિંગ, પેટ્રોકેમિકલ્સ, રેલ્વેઝ, સ્પેસ અને ડિફેન્સ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન-કંપનીનો નાણાકીય દેખાવ કેવો રહ્યો છે?**

એલેનબેરીએ પાછલાં ચાર વર્ષોમાં સતત વૃદ્ધિ દર્શાવી છે. 2023-24માં તેણે રૂ. 270 કરોડની આવક અને રૂ. 45.3 કરોડનો નફો દર્શાવ્યો હતો. 2024-25માં તેણે અત્યાર સુધીનો સૌથી સારો નાણાકિય દેખાવ નોંધાવતા આવક 52 ટકા વધી હતી.

(લેખક- માર્કેટ એનાલિસ્ટ અને આફ્ટરટ્રેડ બ્રોકિંગ પ્રા.લિ.ના ડિરેક્ટર છે)

# જિયો ટેન્શન હળવું થતાં સોનામાં તેજી અટકી

અમદાવાદ | ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ ઘટવાના અહેવાલે બૂલિયન માર્કેટમાં આક્રમક તેજીને બ્રેક લાગી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું 40 ડોલર સુધી ઘટી 3370 ડોલર બોલાતું હતું જ્યારે ચાંદી પણ ત્રણ ટકાથી વધુ ઘટી 36.20 ડોલર ક્વોટ થઈ રહી છે. વૈશ્વિક બજારોમાં ઘટાડો અને ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો મજબૂત બનતા સ્થાનિકમાં પણ ભાવ નરમ રહ્યાં છે. અમદાવાદ ખાતે સોનું પ્રતિ 10 ગ્રામ રૂ.400 ઘટી 101900 અને ચાંદી પ્રતિ કિલોગ્રામ રૂ.500 ઘટીને 106500 બોલાતી હતી. ટ્રેન્ડ પ્રોફિટબુકનો રહ્યો છે.

---

# બેટરી સ્ટોરેજમાં રોકાણ એક અબજ ડોલરને આંબશે: IEA

એજન્સી | નવી દિલ્હી

ભારતમાં વર્ષ 2025માં બેટરી સ્ટોરેજમાં રોકાણ $1 અબજને આંબશે, જો કે, ઉચ્ચ ધિરાણ ખર્ચ એ પડકાર રહ્યો છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના તાજેતરના રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે બેટરી સ્ટોરેજ માટેનું રોકાણ વધવાનું યથાવત્ રહેશે, ત્યારે બીજી તરફ ભારત જેવા વિકાસશીલ દેશોમાં ઉચ્ચ ધિરાણ ખર્ચ જેવા મોટો પડકારો પણ જોવા મળશે. IEA અનુસાર વિકાસશીલ દેશોમાં ઉચ્ચ ધિરાણ ખર્ચ મોટી સમસ્યા રહી છે, બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટ્સ માટેનો ધિરાણ ખર્ચ વિકસિત અર્થતંત્રોમાં જોવા મળતા સ્તર કરતા બમણો થઈ ગયો છે. વર્ષ 2024માં વૈશ્વિક સ્તરે રોકાણમાં 45%નો વધારો જોવા મળ્યો હતો. સેક્ટરમાં કુલ વૈશ્વિક રોકાણમાં આ હિસ્સો 90% કરતા પણ વધારે રહ્યો હતો. ઉભરતા બજારોમાં વધુ રોકાણ આકર્ષિત કરવા માટે લક્ષિત નીતિઓ, નિયમનકારી પગલા તેમજ આર્થિક સહયોગ ખૂબ જ જરૂરી છે. બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટ્સ નફાકારક રહેવા માટે આવકના અનેકવિધ સ્રોત પર નિર્ભરતા વધારી રહ્યા છે. જેમાં એનર્જી આર્બિટ્રેજ, ફ્રીકવન્સી રેગ્યુલેશન, પીક શેવિંગ અને રિન્યુએબલ એનર્જી સાથે ઈન્ટીગ્રેશન સામેલ છે. પરંતુ બેટરી સ્ટોરેજની સંભાવનાનો માર્ગ મોકળો બનાવવા માટે મજબૂત નિયમનકારી ફ્રેમવર્ક જરૂરી છે.

**બેટરી માટે જરૂરી મિનરલ્સની સપ્લાયની સમસ્યા**

બેટરી માટે વપરાતા નિર્ણાયક ખનિજોની સપ્લાયને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વર્ષ 2022માં કિંમતોમાં વૃદ્ધિ બાદ, વર્ષ 2024માં લિથિયમ જેવા મહત્વપૂર્ણ ખનિજોની કિંમતોમાં નોંધપાત્ર રીતે ઘટાડો થયો હતો.

# ડોમેસ્ટિક એર ટ્રાવેલ FY26માં 7-10% વધવાનો અંદાજ

નવી દિલ્હી | દેશની એવિએશન ઈન્ડસ્ટ્રી નાણાવર્ષ 2026માં સતત વૃદ્ધિ કરવાનું ચાલુ રાખશે. સ્થાનિક એર પેસેન્જર ટ્રાફિકમાં 7-10%ની વૃદ્ધિ જોવા મળશે. જે સાથે જ મુસાફરોની સંખ્યા પણ વધીને 17 થી 18 કરોડને આંબશે. ઈકરાના રિપોર્ટ અનુસાર નાણાવર્ષ 2025માં તેમાં વાર્ષિક 7.6%ની વૃદ્ધિ જોવા મળી હતી. જ્યારે ટ્રાફિક 16 કરોડ મુસાફરોનો રહ્યો હતો. નોંધપાત્ર રીતે આ આંકડો નાણાવર્ષ 2020ના કોવિડ પૂર્વેના સ્તરેથી 16.8% વધુ છે. જે હવાઈ મુસાફરીની માંગમાં મજબૂત ઉછાળો દર્શાવે છે. મુસાફરોની સંખ્યામાં વૃદ્ધિ છતાં, ઈકરાના અનુમાન અનુસાર દેશની એવિએશન ઈન્ડસ્ટ્રી નાણાવર્ષ 2026માં રૂ.20,000-30,000 કરોડની ખોટ નોંધાવશે. આ અંદાજિત ખોટ નાણાવર્ષ 2025માં કરાયેલા અનુમાનને લગભગ બરાબર છે. જો કે, નાણાવર્ષ 2024માં રૂ.1,600 કરોડનો નફો નોંધાયો હતો. રિપોર્ટમાં ખોટ માટે ઉચ્ચ ખર્ચ, જેટ ફ્યૂલની ઊંચી કિંમત અને નવા એરક્રાફ્ટની ડિલિવરી સાથે લિઝિંગની સતત વધતી જવાબદારીઓને કારણભૂત પરિબળો ગણાવવામાં આવ્યા છે.

# આત્મનિર્ભરતા-આંદામાન માંથી 2 લાખ લીટર ક્રૂડનો જથ્થો મળવાનું અનુમાન!

## ભારત ક્રૂડઓઈલની જરૂરિયાતના 85 ટકા આયાત પર નિર્ભર

ભાસ્કર ન્યૂઝ | મુંબઇ

દેશમાં પેટ્રોલ ડીઝલ સહિતની વિદેશી આત્મનિર્ભરતા હવે ટૂંક સમયમાં ઓછી થશે તેવું નિષ્ણાતો જણાવી રહ્યા છે. ઓઈલ મિનિસ્ટર હરદીપ સિંહ પુરીએ તાજેતરમાં કહ્યું હતું કે ભારત થોડા વર્ષો પહેલા ગયાનામાં થયેલી શોધ જેટલી જ મોટી શોધની નજીક છે. જો રિસર્ચર્સના અંદાજ સાચા હોય, તો આંદામાન અને નિકોબાર ટાપુઓ નજીક સમુદ્રની નીચે 2 લાખ કરોડ લિટરથી પણ વધુ ક્રૂડ ઓઈલ મળી શકે છે. તે ખૂબ મોટી માત્રા છે, અને જો તેનો ઉપયોગ કરી શકાય, તો તે ભારતને પૈસા બચાવવા, તેલની આયાત ઘટાડવા અને ભવિષ્યમાં $20 ટ્રિલિયન અર્થતંત્ર બનવાની નજીક જવા માટે ખૂબ મોટી મદદ કરી શકે છે.

હાલમાં, ભારત તેના ક્રૂડ ઓઈલના 85% થી વધુ અન્ય દેશોમાંથી આયાત કરે છે. આનો અર્થ એ છે કે ક્રૂડ ખરીદવા માટે ઘણા પૈસા દેશની બહાર જાય છે. પરંતુ જો ભારત પોતાની જમીન અથવા સમુદ્રમાંથી વધુ તેલ ઉત્પન્ન કરી શકે છે તો તે આ કેપિટલને દેશમાં રાખી શકે છે અને બળતણને વધુ સસ્તું બનાવીને વ્યવસાયો, લોકો અને ખેડૂતોને મદદ કરી શકે છે. જોકે, તેલ શોધવું એ ફક્ત પહેલું પગલું છે. સમુદ્રની ઊંડાઈમાંથી તેલ કાઢવું ખર્ચાળ છે; અને સમય માંગી લે તેવું કામ છે. ઊંડા સમુદ્રમાં ડ્રિલિંગ માટે ઘણા પૈસા અને ઉચ્ચ-સ્તરીય ટેક્નોલોજીની જરૂર છે. એટલા માટે સરકારે આ ક્ષેત્રોને વૈશ્વિક કંપનીઓ અને નિષ્ણાતોને કામમાં મદદ કરવા માટે ખુલ્લા મૂક્યા છે. ક્રૂડનું આયાત બીલ ઘટે તે પર ફોકસ છે.

**નાના વ્યવસાયોને ખર્ચ ઘટાડવામાં મદદ મળી શકે**

"જો તેલનો ઉપયોગ સારી રીતે કરી શકાય, તો તેનો અર્થ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધુ સ્થિરતા લાવી શકે છે. તે ખેતી માટે ડીઝલ પંપનો ઉપયોગ કરતા ખેડૂતો અને સસ્તા ઈંધણ પર આધાર રાખતા નાના વ્યવસાયોને તેમના ખર્ચ ઓછા કરવામાં મદદ કરી શકે છે. બીજી તરફ ભારતને તેની ઉર્જા જરૂરિયાતો પર વધુ કંટ્રોલ પણ આપી શકે છે અને વૈશ્વિક તેલના ભાવ વધારા દરમિયાન દેશની ચિંતા ઘટાડી શકે છે. » મિલન પરીખ, ડાયરેક્ટર-જૈનમ બ્રોકિંગ લિ.

---

**ભાસ્કર ખાસ** જુલાઈના બીજા પખવાડિયા પછી નાણાવર્ષના પ્રથમ ક્વાર્ટરના પરિણામો પર નજર રહેશે

# વૈશ્વિક ઘટનાઓ હાવી બનતાં સ્થાનિક ફંડામેન્ટલ્સ નજરઅંદાજ: ભારતીય શેરબજારનો રેંજ-બાઉન્ડ દેખાવ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ભારતીય બજાર પર હાલમાં વૈશ્વિક અને સ્થાનિક પરિબળોનો સંયુક્ત પ્રભાવ જોવા મળી રહ્યો છે. ઈરાન-ઈઝરાયેલ યુધ્ધને કારણે વધેલાં જીઓ-પોલિટીકલ તણાવ પાછળ ક્રૂડના ભાવ ઉછળ્યાં છે. જેને કારણે નજીકના સમયગાળા માટે અનિશ્ચિતતા ઊભી થઈ છે. ખાસ કરીને નિકાસ-લક્ષી સેક્ટર્સને લઈ ચિંતા જોવા મળે છે. સાથે-સાથે યુએસ ફેડ રિઝર્વે તાજેતરની બેઠકમાં વ્યાજ દરને સ્થિર જાળવી, સાવચેતીભર્યાં વલણનો સંકેત આપવા સાથે ચાલુ વર્ષની આખર સુધીમાં બે રેટ કટ્સની સંભાવના દર્શાવી હતી. જોકે, યુએસ ખાતે મધ્યમગાળા માટે ફુગાવો 3 ટકાથી ઉપર જળવાય રહે તેવી અપેક્ષા છે. તાજેતરમાં રજૂ થયેલાં રિટેલ વેચાણમાં અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડાનો ડેટા સંભવિત સ્ટેગફ્લેશનના જોખમ પર ચાંપતી નજર રાખવાની જરૂરિયાત સૂચવે છે તેવો નિર્દેશ SIHLના મેનેજિંગ ડિરેક્ટર તન્મય શાહે દર્શાવ્યો હતો.

**પ્રથમ ક્વાર્ટરમાં કેવો દેખાવ દર્શાવશે તથા કયું સેક્ટર સુકાન લેશે?**

નવા નાણા વર્ષ 2025-26નું પ્રથમ ક્વાર્ટર પૂરું થવામાં છે ત્યારે ભારતીય કોર્પોરેટ જગત મિશ્ર સાથે સાવચેતીભર્યાં આશાવાદી દેખાવ માટે તૈયાર થઈ રહ્યું છે. સતત જળવાયેલા ક્રેડિટ ગ્રોથ અને વ્યાજ દરમાં સ્થિરતાની સ્થિતિ પાછળ બેંક્સ અને NBFCs તરફથી મજબૂત નેટ ઈન્ટરેસ્ટ માર્જિન્સ(NIMs) જોવા મળે તેવી ધારણા છે. કન્ઝમ્પ્શન સેક્ટરની વાત કરીએ તો સરકાર તરફથી આવકવેરામાં મળેલાં લાભોને કારણે માગ રિવાઈવલમાં સહાયતા મળશે. ખાસ કરીને FMCG અને ડિસ્ક્રિશ્નરી કેટેગરીઝને લાભ થઈ શકે છે. જુલાઈમાં પોલિસીને લઈ અને તેમાં પણ ખાસ કરીને ટેરિફ્સને લઈ વધુ સ્પષ્ટતા જોવા મળશે. જે મેન્યૂફેક્ચરિંગ અને કન્ઝયૂમર ગુડ્ઝ જેવા સેક્ટર્સને લઈ સેન્ટીમેન્ટ પર અસર કરી શકે છે.

ક્ષેત્ર-વાર દેખાવ ભિન્ન જળવાઈ શકે છે. IT સેક્ટરના પડકારો ચાલુ રહેશે. વૈશ્વિકસ્તરે નરમ માગ અને ક્લાયન્ટ્સ તરફથી નિર્ણય લેવામાં વિલંબને કારણે ટોચની કંપનીઓ નબળા ગાઈડન્સ દર્શાવવાનું જાળવી શકે છે. આનાથી ઊલટું, FMCG સેક્ટર શહેરી માગમાં જો મજબૂતી પરત ફરશે તો ટર્નઅરાઉન્ડ દર્શાવી શકે છે. દરમિયાનમાં મેટલ સેગમેન્ટ મક્કમતા સાથે મજબૂત જોવા મળી રહ્યું છે.

**નિફ્ટી 25200 કુદાવતા 25550 સુધીનો માર્ગ ખોલશે**

જીઓ-પોલિટીકલ તણાવોએ ભારતીય બજારને કેટલાંક સત્રોથી રેંજબાઉન્ડ જાળવ્યું છે. માર્કેટે મજબૂત સ્થાનિક ફંડામેન્ટલ્સને અવગણ્યાં છે. જોકે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર કોઈપણ પ્રકારના સંભવિત સૈન્ય પગલાં પહેલાં રાજદ્વારી પગલાંઓ માટે આપેલી બે સપ્તાહની મુદતને કારણે ચિંતા હળવી બની છે. આને કારણે વૈશ્વિક સેન્ટીમેન્ટમાં સુધારા સાથે નજીકના સમયગાળામાં યુધ્ધની સ્થિતિ વણસવાનું જોખમ ઘટ્યું છે. સ્થિતિ સ્થિર જળવાશે તો ભારતીય બજારમાં મોમેન્ટમ પરત ફરી શકે છે. ટેકનિકલ્સ જોઈએ તો 25200 પરનો નિર્ણાયક બંધ બુલીશ બ્રેકઆઉટની ખાતરી આપશે અને 25550 સુધીનો માર્ગ ખોલશે. ઘટાડે 24,700નો મહત્વનો સપોર્ટ જોવાનો રહેશે.



ભાસ્કર એક્સપર્ટ

તન્મય શાહ, મેનેજિંગ ડિરે., SIHL

---

ગ્રીન્ઝો એનર્જી સાથે ભાગીદારીમાં પહેલ

# ઓસવાલ એનર્જીએ ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ રજૂ કર્યો

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્ત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીઝ લિમિટેડે 320 કરોડનું મૂડીરોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગ્રીન્ઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલિવરી મળી જતાં પ્રોજેક્ટની શરૂઆત થઈ છે. કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી 'બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફર' એટલે કે 'બાંધો, ચલાવો અને ટ્રાન્સફર કરી આપો'ના સિદ્ધાંત પર 20 મેગાવોટના પ્રોજેક્ટ શરૂ કર્યો છે. અડધા મેગાવોટથી માંડીને પાંચ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવતો પાવર પ્લાન્ટ્સ આગામી 12થી 18 મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીન્ઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ઓસવાલ એનર્જીઝના મેનેજિંગ ડિરેક્ટર રતન બોકાડિયાએ જણાવ્યું કે ઈલેક્ટ્રોલાઈઝર ડિલિવરી માત્ર માલની ડિલીવરી નથી, પરંતુ ઉર્જાના ક્ષેત્રમાં પરિવર્તનની પાયાની કામગીરીના આરંભની છે.

ગ્રીન્ઝો સાથેની ભાગીદારીમાં સફળતાં હાંસલ કરવાની છે. ગ્રીન્ઝો એનર્જીની ઓર્ડર બુક વધીને રૂ. 1500 કરોડને ક્રોસ કરી છે. ગ્રીન્ઝો એનર્જીના એમડી સંદીપ અગ્રવાલે જણાવ્યું કે અમે આપેલા ઈલેક્ટ્રોલાયઝરના સપ્લાય થકી ગ્રીન એનર્જીના મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારતની વધી રહેલી ક્ષમતાનો પ્રસ્થાપિત થઈ રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે.